## ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ

## (સરદારકૃષિનગર / આણંદ / નવસારી / જૂનાગઢ)

### સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમા ડિપ્લોમામાંથી ડિગ્રીમાં પ્રવેશ માટેની જાહેરાત વર્ષ ૨૦૨૫-૨૬

ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ (સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવસારી કૃષિ યુનિવર્સિટી તથા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી) માંથી ત્રણ વર્ષના ડિપ્લોમા કોર્ષમાંથી ઉત્તીર્ણ થયેલ જે વિદ્યાર્થીઓ "ડિપ્લોમામાંથી ડિગ્રી પ્રોગ્રામ" હેઠળ સંલગ્ન ડિગ્રી કોર્ષમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય અને તે માટેની ન્યૂનતમ લાયકાત 5.5 OGPA (GEN/SEBC/EWS) તથા 5.0 OGPA (ST/SC) ધરાવતા હોય તેમણે d2d.gsauca.in વેબસાઈટ ઉપરથી તા. ૧૬/૦૬/૨૦૨૫ થી તા.૨૯/૦૬/૨૦૨૫ દરમ્યાન જરૂરી ફોર્મ ફી પેટે ઓનલાઇન ₹ ૩૦૦/- (અંકે રૂપિયા ત્રણસો પુરા) ભરવાના રહેશે ઉમેદવારે તા. ૧૬/૦૬/૨૦૨૫ થી તા. ૩૦/૦૬/૨૦૨૫ સુધી ફોર્મ ભરવાનું રહેશે ત્યારબાદ ઓનલાઈન ફોર્મ ભર્યાની પ્રિન્ટ લઈ ફોર્મમાં દર્શાવેલ પ્રમાણપત્રો ની નકલો સાથે R.P.A.D./SPEED POST/રૂબરૂમાં કુલસચિવશ્રી, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર ખાતે તા. ૦૪/૦૭/૨૦૨૫ સુધીમાં જમા કરવાનું રહેશે. પરીક્ષા માટે લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓની યાદી તા. ૦૮/૦૭/૨૦૨૫ ના રોજ વેબસાઈટ d2d.gsauca.in પર મૂકવામાં આવશે. આ યાદીમાં જે વિદ્યાર્થીઓનો સમાવેશ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ તા. ૧૩/૦૭/૨૦૨૫ ના રોજ પ્રવેશ ફોર્મમાં પસંદ કરેલ યુનિવર્સિટી ખાતે પ્રવેશ પરીક્ષા આપવા માટે હાજર રહેવાનું રહેશે.

| ક્રમ નં. | સ્નાતક અભ્યાસક્રમનું નામ | લાયકાત માટે જરૂરી પોલીટેકનિક અભ્યાસક્રમ | પરીક્ષાની તારીખ / સમય* |
|---|---|---|---|
| ૧. | કૃષિ | • કૃષિ | તા. ૧૩/૦૭/૨૦૨૫<br>સમય: ૦૯.૦૦ થી ૧૦.૩૦ |
| ૨. | ફૂડ ટેકનોલોજી | • કૃષિ ઈજનેરી<br>• એગ્રો પ્રોસેસીંગ<br>• ફૂડ ટેકનોલોજી અને ન્યુટ્રીશન | તા. ૧૩/૦૭/૨૦૨૫<br>સમય: ૧૧.૩૦ થી ૧૩.૦૦ |
| ૩. | કોમ્યુનિટી સાયન્સ | • ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનિટી સાયન્સ | તા. ૧૩/૦૭/૨૦૨૫<br>સમય: ૧૧.૩૦ થી ૧૩.૦૦ |
| ૪. | કૃષિ ઈજનેરી /<br>રીન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયર્નમેન્ટલ એન્જી. | • કૃષિ ઈજનેરી<br>• એગ્રો પ્રોસેસીંગ | તા. ૧૩/૦૭/૨૦૨૫<br>સમય: ૧૫.૩૦ થી ૧૭.૦૦ |
| ૫. | બાગાયત | • બાગાયત | તા. ૧૩/૦૭/૨૦૨૫<br>સમય: ૧૫.૩૦ થી ૧૭.૦૦ |
| ૬. | ફૂડ ન્યુટ્રીશન અને ડાયેટેટીક્સ | • ફૂડ ટેકનોલોજી અને ન્યુટ્રીશન<br>• ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનિટી સાયન્સ | તા. ૧૩/૦૭/૨૦૨૫<br>સમય: ૧૫.૩૦ થી ૧૭.૦૦ |

* પરીક્ષાના દર્શાવેલ સમય કરતાં એક કલાક પહેલા ઉમેદવારે પરીક્ષા સ્થળ ઉપર હાજર રહેવું.

<u>ડિપ્લોમામાંથી ડીગ્રી પ્રવેશ અંતર્ગત સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે અનુક્રમ નં.(૧) થી (૬) માટે અલગ અલગ ફોર્મ ભરવાનું રહેશે.</u>

પ્રવેશ પરીક્ષાનું પરિણામ અને મેરીટ યાદી તા. ૧૫/૦૭/૨૦૨૫ ના રોજ વેબસાઇટ d2d.gsauca.in ઉપર મૂકવામાં આવશે અને પ્રવેશ પરીક્ષામાં ૪૦ ગુણ કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે. ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓના પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષામાં મેળવેલ ગુણના ૪૦% અને તેમના ડીપ્લોમાના OGPA ના ૬૦% ભારાંકને ધ્યાને લઈ અંતિમ મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. વેબસાઈટ પર મુકવામાં આવેલ લાયક ઉમેદવારોએ પ્રવેશ ફોર્મમાં પસંદ કરેલ યુનિવર્સિટી ખાતે રૂબરૂ કાઉન્સેલીંગ સ્થળ પર તા. ૧૯/૦૭/૨૦૨૫ના રોજ જરૂરી પ્રમાણપત્રો અને તેની સ્વપ્રમાણિત નકલો સાથે હાજર રહેવાનું રહેશે. પ્રવેશ મળ્યા બાદ કાઉન્સેલીંગ સ્થળે નિયત ફી જમા કરાવી પ્રવેશ કન્ફર્મ કરાવવાનું રહેશે. વધુમાં પ્રવેશ સબંધિત માહિતી/સૂચના વખતો-વખત વેબસાઈટ d2d.gsauca.in ઉપર મુકવામાં આવશે જેથી સદર વેબસાઇટની મુલાકાત અચૂક લેતા રહેવું.

તા: ૧૨/૦૬/૨૦૨૫

Sd/-
કુલસચિવ
સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
સરદારકૃષિનગર